મહત્તમ : ૩૧.૨ ડીગ્રી
લઘુતમ : ૨૩.૩ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૭૩ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરના માર્ગો ખખડધજ અને ધુળિયા બન્યા

ઘ-પથી અંડરપાસનો માર્ગ ટુ-વ્હીલરો માટે અકસ્માતનું આમંત્રણ આપતો નજરે પડે છે : ધુળની ડમરીઓને કારણે ગંભીર અકસ્માતો સર્જાય પહેલા માર્ગોની મરામતની આવશ્યકતા

ગાંધીનગર,તા.૨૬

શહેરમાં વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. ઘ-પથી સળંગ માર્ગોના ધોવાણથી હાલત માર્ગોની કફોડી થઈ ગઈ છે. આ માર્ગો બિસ્માર થઈ ગયા છે જેમાં વાહનચાલકોને પોતાના વાહનો આ ખખડધજ હાલતમાંથી લઈને જવાનો વારો આવ્યો છે. વરસાદમાં આ માર્ગો ધોવાઈ જવાથી વાહનચાલકો માટે જોખમી બન્યા છે. બિસ્માર બનેલા આ માર્ગો તંત્રની કામગીરીની પોલ ખોલી રહયા છે. માર્ગો પાછળ તંત્ર દ્વારા લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ગત વર્ષે ચોમાસાની મોસમમાં માર્ગો તુટીગયા હતા. ત્યારબાદ સમારકામ કરવામાં આવ્યું હતું. નબળી કામગીરીની પોલ આ માર્ગો ખોલી રહયા હોય તેમ ટુંકાગાળામાં જ રસ્તા બિસ્માર બની ગયા છે. વરસાદી દિવસોમાં સંપૂર્ણપણે આ માર્ગો ધોવાઈ ગયા હોય તેવું હાલમાં નજરે પડી રહયું છે. મોટી સંખ્યામાં નાગરિકોની અવરજવર આ માર્ગો ઉપર દિવસ રાત થતી હોય છે. વરસાદના પાણી માર્ગો ઉપરથી નહીં ઓસરતાં મસમોટા ખાડા પડી જવા પામ્યા છે. જેના પગલે ઉબડખાબડ થઈ

ગયેલા માર્ગો ઉપરથી પસાર થતાં વાહનચાલકોને અકસ્માતનો ભય સતાવી રહયો છે. તંત્ર દ્વારા લાખો રૂપિયાના ખર્ચે બનાવેલાં માર્ગો વરસાદી પાણીમાં ધોવાઈ જતાં ખર્ચેલા રૂપિયા પણ પાણીમાં ગયા હોય તેવું હાલની પરીસ્થિતિએ જોવા મળી રહયું છે. સત્વરે માર્ગોનું સમારકામ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. માર્ગો અત્યંત બિસ્માર બની જવા સાથે ધુળની ડમરી ઉડતાં ધુળીયો માર્ગ બની જતાં ટુ વ્હીલર અને ફોરવ્હીલર વાહનચાલકો અકસ્માતનો ભોગ બનવા સાથે વાહનોને મોટું નુકશાન થતું હોવાના કારણે તંત્ર દ્વારા બિસ્માર બની ગયેલા માર્ગોનું ગાબડા પુરવાનું અભિયાન શરૂ કરે તેવી માંગ ઉઠી રહી છે. શહેરમાં વરસાદમાં કેટલાક વિસ્તારના જાહેર માર્ગોનું સત્યાનાશ વળી ગયું છે.

બિસ્માર બની ગયેલા માર્ગોના કારણે ધુળની ડમરી વાહનચાલકો માટે આમંત્રણ બની ગયું હોય તેમ લાગી રહયું છે. વાહનચાલકોની આંખમાં ધુળની ડમરી લાગવાના કારણે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી અકસ્માતની ભીતી સેવાઈ રહી છે.

સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે દીક્ષારંભ સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૬

વિનયન વિદ્યાશાખાના પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવનાર નવોદિત વિદ્યાર્થીઓ માટે દીક્ષારંભ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. સમર્પણ કેમ્પસના પરિસરમાં યોજાયેલા આ કાર્યક્રમનો શુભારંભ કોલેજની વિદ્યાર્થીની ક્રિષ્ના વસાવાએ પ્રાર્થના ગીત ગાયું હતું. ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટના મહેન્દ્રસિંહ વાઘેલાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં સૌ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત બાદ, પૂર્વ આચાર્ય અને અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડો.ઋચા બ્રહ્મભટ્ટે સંસ્થાના ઉદભવ અને વિકાસનો સુપેરે પરિચય આપ્યો હતો. આઈક્યુએસી સંયોજક ડો.રાજેશ મહેતા અને ગ્રીવન્સ એન્ડ રીડ્રેસલ સેલ સંયોજક સુરેન્દ્રસિંહ વાઘેલાએ અનુક્રમે અભ્યાસપૂરક અને અભ્યાસેતર પ્રવૃતિઓ તેમજ કોલેજ શિસ્ત વ્યવસ્થાપન વિશે વિગતે વાત કરી હતી. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડો.દિપક પંડ્યાએ જણાવ્યું કે મહાકાલી એટલે રૌદ્રતા અને શિસ્ત, સરસ્વતી એટલે જ્ઞાન અને સંસ્કાર તેમજ મહાલક્ષ્મી એટલે સમૃધ્ધિ અને સંપદા આ ત્રણેયનો સંગમ સંસ્થાના સંચાલનનો પરમ ધર્મ છે અને તે ધર્મ સમર્પણ સંસ્થાના સંચાલનમાં કેન્દ્ર સ્થાને રહેલો છે. સમારંભના અધ્યક્ષ મહેન્દ્રસિંહ વાઘેલાએ વિદ્યાર્થીઓ સાથે સુંદર સંવાદ કર્યો હતો અને સૌને વ્યક્તિગત ઘડતર માટે સંસ્થાની સુવિધાઓનો ઉપયોગ કરવા આહવાન કર્યું હતું. સાથેસાથે વિદ્યાર્થીઓની સાચી માંગણી અને પ્રશ્નોના નિરાકરણ માટે પોતાની ઓફીસ હંમેશા ખુલ્લી રહેશે તેવું જયારે ઉપસ્થિત વિદ્યાર્થીઓએ તેમને તાળીઓથી વધાવી લીધા હતા. કાર્યક્રમના અંતે ડો.રાજેશ મહેતાએ સુચારુ આયોજન માટે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન કોમર્સ વિભાગના અધ્યક્ષ લલિતા સોલંકી અને અંગ્રેજી વિષયના પ્રાધ્યાપક પ્રા.વૈભવ કોઠારીએ કર્યું હતું. વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અર્પણ કાર્યક્રમનું સંચાલન આઈક્યુએસી સહસંયોજક પ્રા.શ્વેતા પંવારે કર્યું હતું. સંસ્થા તરફથી ઉપસ્થતિત તમામ માટે અલ્પાહારની વ્યવસ્થા પણ કરવામાં આવેલી હતી.

મોરેશિયસના સહકારી ડેલીગેશન દ્વારા નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ કો.ઓપ. મેનેજમેન્ટની મુલાકાત

ગાંધીનગર, તા.૨૬

રીપબ્લિક ઓફ મોરેશિયસના ઈન્ડસ્ટ્રીઅલ ડેવલોપમેન્ટ, એસએમઈ એન્ડ કો.ઓપરેટીવના મંત્રી સોમીલદુથ ભોલાહ અને તેમના ડેલીગેશને ગાંધીનગર ખાતે આવેલા નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ કો-ઓપ.મેનેજમેન્ટની શુભેચ્છા મુલાકાત લીધી હતી. સંસ્થાના બોર્ડ મેમ્બર અને ગુજરાત રાજય સહકારી સંઘના ચેરમેન ઘનશ્યામભાઈ અમીન, સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી જયપ્રકાશભાઈ પટેલ અને જોઈન્ટ મેનેજીંગ ટ્રસ્ટી પી.એસ.વ્યાસ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

સહકારી પ્રવૃતિઓનો પરિચય આપતાં ચેરમેન અમીને જણાવ્યું કે ૧૯૦૪થી ભારતની સહકારી પ્રવૃતિમાં ગુજરાત રાજયનું વિશેષ યોગદાન રહેલું છે. હાલમાં ગુજરાતમાં ૮૩ હજારથી વધુ સહકારી મંડળીઓ તેના એક કરોડથી વધુ સભાસદોને સેવાઓ આપી રહી છે. મેનેજીંગ ટ્રસ્ટી જયપ્રકાશભાઈ પટેલે જણાવ્યું હતું કે ૨૫ એકરમાં ફેલાયેલ આ સંસ્થા ગુજરાતની જ નહીં પણ ભારતની અગ્રગણ્ય સહકારી તાલીમ સંસ્થાઓમાંથી એક છે. જેને નાબાર્ડ દ્વારા શ્રેષ્ઠ સંસ્થાનું રેટીંગ મળ્યું છે. પી.એસ.વ્યાસ જોઈન્ટ મેનેજીંગ ટ્રસ્ટીએ એનઆઈસીએમ સંસ્થાની સ્થાપના અને ઉદેશ વિશે માહિતી આપી હતી. સહકારી ક્ષેત્રે તજજ્ઞ વ્યાખ્યાતાઓ દ્વારા તાલીમ પુરી પાડવા અને સંશોધન કાર્યનો હેતુથી સંસ્થાની સ્થાપના ૧૯૮૫માં કરવામાં આવી હતી. ત્યારથી વિવિધ સહકારી મંડળીઓ, સહકારી બેન્કો, ગ્રામીણ બેન્કો, એપીએમસી, સ્વસહાય જુથ તેમજ કૃષિ અને ગ્રામીણ અર્થ વ્યવસ્થા સાથે જોડાયેલા વિવિધ સંસથાઓના કર્મચારીઓ અને પદાધિકારીઓ માટે સંસ્થા દ્વારા તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિન્સીપાલ ડો.લીપ્સા રાવલ દ્વારા કરાયું હતું. ડો.રાવલે સંસ્થાની કામગીરીનો પરિચય આપતાં જણાવ્યું કે આ સંસ્થામાં દર વર્ષે ૧૦૦થી વધુ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે અને તેમાં ત્રણ હજારથી વધારે સહકારી પદાધિકારીઓ ભાગ લઈ રહયા છે. આ ઉપરાંત વિવિધ સહકારી બેન્કો અને મંડળીઓને માનવ સંસાધન, પોલીસીના ઘડતર, કાયદાકીય જોગવાઈઓ, ઓડીટ અને ઈન્સ્પેકશન જેવા વિષયમાં તજજ્ઞ સેવાઓ પણ પુરી પાડવામાં આવે છે. સોમીલદુથ ભોલાહ સંસ્થાની કામગીરીથી ઘણા પ્રભાવિત થયા હતા અને સહકારી ક્ષેત્રે સંસ્થાના નોંધપાત્ર યોગદાન બદલ શુભેચ્છાઓ પાઠવી હતી. તેઓએ મોરેશિયસ ખાતે પણ એનઆઈસીએમની કામગીરીનો લાભ લેવામાં રસ દાખવ્યો હતો.

કાર્યક્રમમાં સંસ્થાના કેમ્પસ ડાયરેકટર પ્રદીપભાઈ શાહ, પ્રોફેસર અનિલભાઈ પુરોહિત અને ઈડીઆઈઆઈ સંસ્થાના તજજ્ઞ નિખિલેશભાઈ દેસાઈ પણ હાજર રહયા હતા.

વાચિકમ અને જોડણીના નિયમો વિશે કાર્યશિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન સેકટર-૨૩, ગાંધીનગર અને મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ દ્વારા સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ માટે તા. ૨૫-૮-૨૨ના રોજ વાચિકમ અને જોડણીના નિયમો વિશે કાર્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહેલા ડૉ. હીનાબેન મહેતાએ જોડણી કોશ વિશે માહિતી આપી, શબ્દોની ગોઠવણી, શબ્દોનું ઉચ્ચારણ, વાંચન કાર્ય કઈ રીતે કરવું, ગદ્યનો લય, ગુજરાતી ભાષાના તત્સમ અને દેશ્ય શબ્દો વિગેરે વિશે વિવિધ ઉદાહરણ આપી સમજ આપી હતી. ત્યારબાદ સંસ્થાના આદ્ય સ્થાપક પૂજ્ય છગનભાના પુસ્તકમાંથી તેમના આદર્શો વિશે વિદ્યાર્થીઓ દ્વારા વાચિકમ કરાવવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ સંસ્થા પરિવાર વતી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા નવી leo ક્લબ ફેમિનાનું ઈન્સ્ટોલેશન યોજાયું

ગાંધીનગર, તા.૨૬

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિનાનું orientation મમતાબેન રાવલ દ્વારા અને CQI સેમિનાર કમલભાઈ જૈન તથા નવી લીયો ક્લબ ઓફ ગાંધીનગર ફેમીનાનું ઈન્સ્ટોલેશન અને ઈન્ડક્શન ઓફ ન્યુ મેમ્બર મેમ્બર્સ સેકન્ડ વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર સુનિલભાઈ ગુગલીયાના વરદ હસ્તે ચાર્ટર લિયો પ્રેસિડેન્ટ આર્જવ જોશી અને તેમની ટીમનું હોટલ પદ્ર ભોગ ખાતે કરવામાં આવ્યું. પ્રમુખ ડિમ્પલ દેસાઈ, ઝોન ચેરમેન વૈશાલીબેન, પ્રોટોકોલ ઓફિસર જે.બી.રાવ leo ચેરમેન વિપુલ ભાઈ દવે, પીએમડીપી કથન ત્રિવેદી, લિયો એરીયા કો ચેર પર્સન ઋત્વિક પટેલની ઉપસ્થિતિ રહી ત્રણે વક્તા દ્વારા ખૂબ સરસ માર્ગદર્શન ક્લબ મેમ્બર્સને આપવામાં આવ્યું. ખૂબ મોટી સંખ્યામાં મેમ્બર્સ એ આનો લાભ લીધો.

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ફાયર સેફટી માટે લાઈવ સેશન

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણમાં ફાયર સેફટી માટે ગાંધીનગર ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ દ્વારા લાઈવ સેશન શાળા તથા બાળકોની સલામતી માટે ડેમો સેશન યોજવામાં આવેલ હતું. જેમાં સૌ પ્રથમ સાઈરન સાથે વ્હીકલ શાળામાં પ્રવેશ કરે તે દરમિયાન દરેક બાળકોએ ધક્કા મૂકી કર્યા વગર ઝડપથી બહારના ખુલ્લા ગ્રાઉન્ડમાં આવી જવાનું હતું. તો આ દ્વારા કોઈપણ આપત્તિના સમયે આપણે મુશ્કેલીમાંથી રસ્તો કઈ રીતે શોધી શકીએ તે શીખવાડવામાં આવ્યું હતું. ત્યારબાદ ગાંધીનગર ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસમાંથી પધારેલ કે.એમ ગઢવીએ બાળકોને ફાયર સેફટી અનુરૂપ ઘણી બધી માહિતી આપી હતી.

જયોતિ મહિલા મંડળ દ્વારા વર્ષાગીતની હરિફાઈ યોજાઈ

વર્ષાઋતુની મોસમને અનુરુપ વર્ષાગીતોની સ્પર્ધા નગરની બહેનો માટે યોજાઈ હતી. બહેનોએ ભગવાન કૃષ્ણની કુદરતનો વૈભવને રજુ કરતાં ગુજરાતી, હીન્દી ગીતો રજુ કરીને સૌના મન મોહી લીધા હતા. આ કાર્યક્રમ બે વિભાગમાં સ્પર્ધા યોજાઈ હતી. સોલા સોન્ગમાં પ્રથમ ક્રમે પ્રફુલાબેન ધારેવડા, બીજા ક્રમે ચિત્રા દેસાઈ અને ત્રીજા ક્રમે પ્રતિભાબેન દવે વિજેતા બન્યા હતા. તો ગ્રૂપ સોન્ગમાં પ્રથમક્રમે શ્રીધર ગ્રૂપ, બીજાક્રમે સંસ્કૃતિ ગ્રૂપ વિજેતા બન્યા હતા. નિર્ણાયક તરીકે જયોત્સનાબેન બુચ, કિરણબેન બક્ષીએ સેવાઓ આપી હતી. કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના પ્રમુખ ડો.ચેતનાબેન બુચે સ્વાગત પ્રવચન કર્યું હતું.

અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી દ્વારા ઈન્ડસ્ટ્રીયલ વીઝીટનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી અને બાયોરીશર્ચ ઈન્સ્ટીટ્યુટ, અડાલજ દ્વારા બી.ફાર્મના વિદ્યાર્થીઓની ઈન્ડસ્ટ્રીઅલ વીઝીટ ૨૫ ઓગષ્ટ-૨૨ના રોજ કોરોના રેમીડીઝ બાવળા-બગોદરા હાઈવે ખાતે યોજાઈ હતી. એસોસિએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. ઈશાન પંચાલ અને મિસ રૂચી ખત્રીએ આ વીઝીટનું સફળતાપૂર્વક આયોજન કર્યુ હતું. ઉપરોક્ત વીઝીટમાં ૫૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કંપનીના પ્રોડક્શન ક્વોલીટી અસ્યોરન્સ અને ક્વોલીટી કંટ્રોલ ફોર્મ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ ડીપાર્ટમેન્ટની ઊંડાણપૂર્વક સમજ મેળવી હતી.

ત્રિદલ સંસ્થાના ઉપક્રમે ૨૮મીએ વાર્તાલાપનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨૬

'ત્રિદલ' સંસ્થાના ઉપક્રમે તારીખ ૨૮ ઓગષ્ટ, ૨૦૨૨ને ચોથા રવિવારે સાંજના ૪.૩૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સેક્ટર-૨૧ ખાતે મેઘરજ પંથકના અંતરિયાળ વિસ્તારમાં ગ્રામસેવા કરનાર ગ્રામશિલ્પી, કર્મશીલ સુરેશ પુનડીયા 'ગ્રામસેવાના મારા અનુભવો' વિષયે વાર્તાલાપ આપશે. સૌ સભ્યો, ભાવકો તથા નગરજનોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવ્યુ હતું.

સરગાસણ ખાતે ૨૮મીએ સંગીતમય સુંદરકાંડ

ગાંધીનગર, તા. ૨૬

શ્રી હડમતીયા હનુમાનજી મંદિર, હડમતીયા મઠ, ખ-રોડ, સ્વાગત રેનફોરેસ્ટ-ઉની પાછળ, સરગાસણ ખાતે ૨૮મી ઓગષ્ટે સંગીતમય સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. જે રાત્રે ૮.૩૦ કલાકે અશ્વિનકુમાર પાઠકના મધુર કંઠે સંગીતમય સુંદરકાંડ પાઠ યોજાશે. સર્વે નાગરિકોને પધારવા જાહેર આમંત્રણ પાઠવ્યુ છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.રાણા સજનબા બબાજી** ઉ.વ.૮૦, ધણપ
- **સ્વ.ડાભી આશાબેન વિક્રમસિંહ** ઉ.વ.૬૫, પેથાપુર
- **સ્વ.ત્રિવેદી રાજેન્દ્રકુમાર હર્ષદરાય** ઉ.વ.૭૪, સેકટર-૨૭
- **સ્વ.રામાનુજ અમૃતલાલ પ્રભુદાસ** ઉ.વ.૮૩, સેકટર-૨
- **સ્વ.ઠાકોર વિપુલ મુમલાજી** ઉ.વ.૨૦, બાસણ

● રૂદ્રભૂમિ ●

- **સ્વ.પટેલ વિદ્યાબેન અરવિંદભાઈ** ઉ.વ. ૭૫, અડાલજ
- **સ્વ.પટેલ શકરીબેન પ્રહલાદભાઈ** ઉ.વ.૬૮, કુડાસણ

જન્મદિને વધામણી

ગણપતભાઈ કે જોષી
બ્યુરો ચીફ, બનાસકાંઠા
ગાંધીનગર સમાચાર
મો. ૯૩૭૫૦ ૭૬૦૬૧

ભગદિવ ભટ્ટ
મો. ૯૪૨૯૮ ૯૧૬૨૯

રક્ષિતાબેન ઉપાધ્યાય
લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના
મો.૯૯૨૪૨ ૭૪૯૯૮

સોહમ અમૃત ચૌધરી

ભરતભાઈ દલાભાઈ પરમાર
મો. ૭૦૪૧૫ ૩૧૮૨૭

પર્લ જિગર ત્રિવેદી

કિરપાલસિંહ જગતસિંહ વાઘેલા

મીત પટેલ
મો. ૬૩૫૮૮ ૨૯૦૯૯

મન મકવાણા
મો. ૯૯૭૮૮ ૯૫૩૪૪